દાખલ થયા તારીખ :૦૩/૧૦/૨૦૧૯
રજી. લીધા તારીખ :૦૩/૧૦/૨૦૧૯
નિકાલ તારીખ :૨૫/૧૦/૨૦૨૧
સમય : વર્ષ... માસ.....દિવસ.....

**અમદાવાદના મે. એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં. ૧૩, મુ.અમદાવાદ.**

ફોજદારી કેસ નં.૧૦૦૮૫૨/૨૦૧૮
આંક:-૦૮

**ફરિયાદી:-**

**૧.** શ્રી સરકાર

**વિરુધ્ધ**

**આરોપી:-**

**૧.** અનીલભાઈ બાબાભાઈ વાઘેલા,ઉ.વ.૨૬
રહે. એ/૨૪ લાલાબેનના છાપરા, રાયપુર મીલ પાસે રખીયાલ રોડ, ગોમતીપુર, અમદાવાદ

ફરીયાદ પક્ષે :- વિ.એ.પી.પી.શ્રી ભાવિની જાની
આરોપી પક્ષે :- વિ.વકીલશ્રી આર.એસ.ભાલકીયા

**ગુન્હો:-** ઈ.પી.કો. કલમ ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૧) મુજબ.

**-:: ચુ કા દો ::-**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૨૫/૦૯/૧૮ ના કલાક ૧૨:૪૫ વાગ્યાના સુમારે ખોખરા હાટકેશ્વર બ્રીજ નીચે જાહેરમાં ફરીયાદીને ગડદા પાટુનો માર મારી ગંદી ગાળો બોલી તથા જાનથી મારી નાખવાની ધમકી આપી ગુન્હો કર્યા હોવાની ફરીયાદ ખોખરા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં. ૩૨૬૬/૧૮ થી નોંધાતાં આગળની તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતાં આરોપી વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૧)મુજબ આક્ષેપીત ગુનાનું ચાર્જશીટ કરેલ છે.

(૨) આ કામના આરોપીને સમન્સની બજાવણી કરતાં તેઓ અદાલત સમક્ષ હાજર થયેલા છે અને તેઓને ક્રિ.પ્રો. કોડ ની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે તથા તે મળી ગયાની ખાતરી કરી આરોપી સામેના આક્ષેપિત ગુન્હાનું તહોમત આંક–૦૩ થી ફરમાવી આરોપીની પ્લી આંક–૪ થી સુધી નોંધવામાં આવતાં આરોપીએ ગુનો કબુલ નહીં હોવાનું જણાવતાં સદર કેસની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

(૩) આ કામે ફરીયાદ પક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવાઓ રજુ કરવામાં આવેલા છે.

## <u>(એ) મૌખિક પુરાવા</u>

| **અ.નં.** | **પુરાવાનું વર્ણન** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરીયાદી મંજુબેન રાજુભાઈ રાઠોડ ની સોગંદ પરની જુબાની | ૦૫ |

## <u>(બી) દસ્તાવેજી પુરાવા</u>

| **અ.નં.** | **પુરાવાનું વર્ણન** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૦૬ |
| ૨. | કલોઝીંગ પુરશીશ | ૦૭ |

(૪) ફરીયાદ પક્ષનો પુરાવો નોંધ્યા બાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપીએ ફરીયાદ પક્ષ દ્રારા કરવામાં આવેલા આક્ષેપોનો સદંતર ઈન્કાર કરેલ છે અને તેઓ સોગંદ પર કોઈ પુરાવા રજુ કરવા માંગતાં ન હોવાનું તથા બચાવમાં કોઈ સાક્ષી તપાસવા ઈચ્છતાં ન હોવાનું જણાવી વિશેષમાં પોતે નિર્દોષ હોવાનો ખુલાસો કરેલ છે. ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીનાઓ તથા આરોપી પક્ષ

તરફે વિ.વ.શ્રીનાઓની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) ફરીયાદ પક્ષ તરફે રજુ કરવામાં આવેલા પુરાવાઓ તેમજ દલીલો ધ્યાને લેતા કોર્ટ સમક્ષ આ કેસના આખરી નિર્ણય સારુ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**.–:: મુદ્દા ::–**

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૨૫/૦૯/૨૦૧૮ ના કલાક ૧૨:૪૫ વાગ્યાના સુમારે ખોખરા હાટકેશ્વર બ્રીજ નીચે જાહેરમાં ફરીયાદીને ગડદા પાટુનો માર મારી ગંદી ગાળો બોલી તથા જાનથી મારી નાખવાની ધમકી આપી ઈ.પી.કો. કલમ ૩૨૩, ૨૯૪(ખ),૫૦૬ (૧) , ૧૧૪ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાના કારણોની ચર્ચા કરી છે તે મુજબ નિર્ણયો નીચે મુજબ છે.

(૧)નકારાત્મક.

(૨)આખરી હુકમ મુજબ.

(૭) ઉપરોકત નિર્ણયોના કારણો નીચે મુજબ છે.

**–<u>:: ન્યાય નિર્ણય માટેના કારણો ::</u>–**

**મુદ્દા નંબર :– ૧.**

(૭.૧) ફરિયાદ પક્ષે સૌપ્રથમ ફરિયાદી મંજુબેન રાજુભાઈ રાઠોડ ને આંક–૦૫ થી સોગંદ પર તપાસતાં તેઓ એવી હકીકત જણાવે છે કે બનાવ આજથી ત્રણ વર્ષ અગાઉ બનેલો બનાવના સમયે આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલ જે અંગેની ફરીયાદ તેઓએ ખોખરા પોલીસ સ્ટેશન માં ફરીયાદ લખાવેલી

મને મારી ફરીયાદ બતાવવામાં આવે છે જેમા મારી સહી છે જે ઓળખી બતાવું છું ફરીયાદ આંક–૦૬ થી રજુ કરેલ છે. ફરીયાદી તેમની સોગંદ પરની જુબાનીમાં ફરીયાદ હકીકતમુજબના બનાવની કોઈ વિગતો જણાવતાં ન હોઈ વિ.એ.પી.પી.શ્રીએ તેઓ ફરી ગયેલા જાહેર કરી વિગતવારની ઉલટ તપાસ કરવા છતાં ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવેલ નથી.

બચાવ પક્ષે ફરીયાદીની ઉલટ તપાસ કરતાં જણાવેલ છે કે એ વાત ખરી છે કે બનાવમાં સામાન્ય બોલાચાલી થયેલી એ વાત ખરી છે કે ઉશકેરાટમાં આવી જઈ મે આ ફરીયાદ કરેલી એ વાત ખરી છે કે આરોપીએ તેમને કોઈ માર મારેલ નથી કે કોઈ જાતની ધમકી આપેલ નથી તેઓને કોઈ મનદુખ નથી તેમને કેસ આગળ ચલાવવો નથી તેવું જણાવેલ છે.

(૮) ઉપરોકત સમગ્ર વિગતે ફરીયાદ પક્ષે રજૂ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો તથા બંને પક્ષે કરવામાં આવેલ દલીલો ધ્યાને લેતાં ફરીયાદીપક્ષે ફરિયાદી મંજુબેન રાજુભાઈ રાઠોડ ને આંક–૫ થી સોગંદપર તપાસતાં તેઓએ આરોપી સાથે તેઓને સામાન્ય બોલાચાલી થતાં હાલની ફરિયાદ આપેલ હોવાનું જણાવેલ છે. જયારે તેમની ઉલટતપાસમાં આરોપીએ તેમને માર મારેલ નહીં હોવાનું, કોઈપણ જાતની ધમકી આપેલ નહી હોવાનું કબુલ રાખેલ છે. આમ, ફરિયાદી તેમની સોગંદપરની જુબાનીમાં બનાવ મુજબની કોઈ હકીકત જણાવતાં ન હોઈ ફરિયાદીની જુબાનીથી ફરિયાદ હકીકતને સમર્થન મળેલ નથી. આ કામે આરોપીએ બનાવ સમયે ફરિયાદીને ગાળો આપી તેઓને માર મારેલાનો આક્ષેપ કરેલ છે ત્યારે આરોપીના મારના કારણે તેઓને કોઈ ઈજા થયેલ હોય અને તે ઈજા સબબ તેઓને સારવાર લેવાની જરૂર પડેલ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. વધુમાં આરોપી સામે ઈ.પી.કો.૨૯૪(ખ) મુજબના

આક્ષેપો છે ત્યારે આરોપીએ ચોકકસ કયા અપશબ્દો કહેલાં તે ફરિયાદીએ તેમની સોગંદપરની જુબાનીમાં તથા પોલીસ રૂબરૂની ફરિયાદમાં જણાવવું જોઈએ પરંતુ ફરિયાદીની જુબાની તથા પોલીસ રૂબરૂની ફરિયાદથી આવી કોઈ હકીકત બહાર આવતી નથી. ફરિયાદીના પુરાવાથી બનાવ હકીકતને સમર્થનકારી લેશમાત્ર પુરાવો મળી આવતો ન હોય ત્યારે ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૩૪ ધ્યાને લેતાં જો અદાલતને એવું જણાય કે વધુ સાક્ષી તપાસવા માત્ર ઔપચારિકતા છે અને વધુ સાક્ષી ન તપાસવાથી કેસના ભાવિને કોઈ ફેર પડતો ન હોય અને મહત્વના ચાવીરૂપ સાક્ષીઓને તપાસવામાં આવેલ હોય તો વધુ પુરાવો લેવાનું ટાળી કોર્ટનો કિંમતી સમય બચાવવો જોઈએ. ફરિયાદીના પુરાવાથી આરોપીને ગુન્હા સાથે સાંકળી કોઈ કડી મળી આવતી નથી. આ સંજોગોમાં ફરિયાદપક્ષ આરોપી સામેના ઈ.પી.કો. કલમ ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૧),૧૧૪ મુજબના આક્ષેપિત ગુનાનું તહોમત સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું માનવામાં આવે છે.

ઉપરોકત વિગતે ફરીયાદ પક્ષ આરોપી સામેના આક્ષેપિત ગુનાના આવશ્યક તત્વો સાબિત કરી શકેલ ન હોય આરોપીને આક્ષેપિત ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય તેમ ન હોય મુદ્દા નં. ૧નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ પરત્વે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –::: હુ ક મ :::–

**(૧)** ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૪૮(૧)મુજબ આરોપીને તેમની સામેના આક્ષેપિત ઈ.પી.કો. કલમ ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૧) મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

**(૨)** ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ આ કામના આરોપીએ અપીલ અદાલતમાં હાજર રહેવા રુપિયા ૫,૦૦૦/–નાં જામીન તથા જાત મુચરકો રજૂ કરવા જે આ કેસના ચૂકાદાની તારીખથી આગામી છ માસ સુધી અમલી રહેશે

હુકમ આજરોજ **તારીખ:૨૫ મી ઓકટોબર સને ૨૦૨૧** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૨૫–૧૦–૨૦૨૧
સ્થળઃ– અમદાવાદ

(સુનંદા પ્રશાંત દુલેરા)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૧૩, અમદાવાદ
**CODE NO. GJ0887**